ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/2021 / ૪૮૦-૫૦૦
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 05/ 01/ 2021

સચિવ

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ જાન્યુઆરી માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.
સંદર્ભ: (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦
(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીગની સાથે મૂલ્યાંકન હેતુસર ડિસેમ્બર માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી (પ્રથમભાષા) અને ગણિત વિષયની સામયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

જાન્યુઆરી-૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- જાન્યુઆરી માસમાં ધોરણ ૩ થી ૫ માં પર્યાવરણ તથા ધોરણ ૬ થી ૮માં સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૮/૦૧/૨૦૨૧ અને ૨૯/૦૧/૨૦૨૧ દરમિયાન યોજવામાં આવનાર છે. તા.૨૭/૦૧/૨૦૨૧ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૭/૦૧/૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહીઓ તા. ૦૫/૦૨/૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.

- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | ધોરણ/ વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-3 | ધોરણ-4 | ધોરણ-5 | ધોરણ-6 | ધોરણ-7 | ધોરણ-8 |
| 1 | પર્યાવરણ | પર્યાવરણ | પર્યાવરણ | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન |
| પ્રકરણ નંબર | 14 to 18 | 14 to 18 | 12 to 16 | 5,6,7,11,16 | 5,6,7,12 | 1 to 5 |
| 2 | ----------- | ----------- | ----------- | વિજ્ઞાન | વિજ્ઞાન | વિજ્ઞાન |
| પ્રકરણ નંબર | ----------- | ----------- | ----------- | 9 to 12 | 10 to 13 | 10 to 13 |

નોંધઃ અન્ય માધ્યમની કસોટીઓમાં ધોરણ-૫ પર્યાવરણ ( પ્રકરણ ( ૮ થી ૧૧) અને ધોરણ-૭ સામાજિક વિજ્ઞાન (પ્રકરણ ૧ થી ૫ દ્વિતીયસત્ર) જૂના પાઠ્યક્રમ મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

જા. નં./શાખા/૨૦૨૨/૯૦૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજે માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: ૦૬/ ૦૧ /૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લા/શહેરની તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓ,
સુરત. જિ.-સુરત.

જાણ તથા અમલ થવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.